ત્વરિત જાહેરાત માટે

# ફેડરેશન ઓફ કૅનેડિયન મ્યુનિસિપાલિટીઝ બોર્ડની 2023-2024 મુદત માટે બ્રૅમ્પટન રિજનલ કાઉન્સિલર રોવેના સેન્તોસ ફરી ચૂંટાઇ આવ્યા

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (29 મે 2022) – ફેડરેશન ઓફ કૅનેડિયન મ્યુનિસિપાલિટીઝ (FCM) દ્વારા તેમના બોર્ડમાં બ્રૅમ્પટન રિજનલ કાઉન્સિલર રોવેના સેન્તોસને ફરી ચૂંટી કાઢવામાં આવ્યા છે.

1901થી FCM કૅનેડાના નગરપાલિકાના પ્રશાસનનો રાષ્ટ્રીય અવાજ રહ્યો છે. તેમાં આખા રાષ્ટ્રની 2,000 સુધરાઇઓ સભ્યપદ ધરાવે છે જે તમામ કૅનેડાવાસીઓનું 90% પ્રતિનિધિત્વ કરે છે. ફેડરેશન ઓફ કૅનેડિયન મ્યુનિસિપાલિટીઝની વાર્ષિક કોન્ફરન્સ અને ટ્રેડ શો ટોરોન્ટોમાં મે 25 - 28 સુધી હાથ ધરાયો હતો જેમાં આ વર્ષની થીમ હતી *સ્થાનિક કામ, રાષ્ટ્રીય પરિણામ.*

કાઉન્સિલર સાન્તોસ FCMના બોર્ડ પર 2020થી સેવા આપી રહ્યા છે. એન્ટિ રેસિઝમ એન્ડ ઈક્વિટી કમિટીના પ્રારંભથી ઉપ પ્રમુખ તરીકે, આવા સ્તંભો અને વધુ સમાવેશી વાતાવરણનો વિકાસ આગળ વધવા માટેની અગ્રિમતા રહેશે.

પ્રત્યેક વર્ષે, કોન્ફરન્સ સિટી ઓફ બ્રૅમ્પટન મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવાનો તેમજ ફેડરલ સરકાર પાસેથી ભંડોળ અને સમર્થનની હિમાયત કરવાનો અવસર પ્રદાન કરે છે. 2023 માટે સિટીની અગ્રિમતા ધરાવતી હિમાયતોમાં આનો સમાવેશ થાય છે:

• વધુ સારી ટ્રાન્ઝિટ ઊભી કરવાની પ્રતિબદ્ધતા;

• બ્રૅમ્પટનના રહેવાસીઓ માટે આવાસ વિકલ્પો અને વિકસતા સમુદાયો આપવા;
• સક્રિય પરિવહન માળખા અને કાર્યક્રમો અમલ કરવા માટે ટકાઉ નિધિયન;;
• આબોહવા પરિવર્તન અનુકૂલન અને સ્થિતિસ્થાપકતા ઉન્નત કરવા માટે રોકાણ; અને,
• આર્થિક વિકાસ અને રિકવરી, રોજગાર અને વિકાસમાં નિવેશ.

સિટીના હિમાયતી પ્રયાસો અંગે વધુ માહિતી અહીં સિટી ઓફ બ્રૅમ્પટનની વેબસાઈટપર મળી રહેશે.

**સુવાક્યો**

"ફરી ચૂંટાઈ આવવું અને આખા કૅનેડાના મારા સાથીઓ સાથે સેવા કરતા રહવું તે માટે માટે ગૌરવની વાત છે. આખા દેશ ફરતે સાહસિક અને સંકલિત કાર્ય કરીને આપણે મ્યુનિસિપાલિટીઝ પોતાના અભિપ્રાયો આપવા ચાલુ રાખી શકશે  જેને કારણે સ્થાનિક અને રાષ્ટ્રીય પરિણામો મળી શકશે. સમાવેશી અવકાશના સર્જન પર અને તમામ લોકો માટે સમર્થનલક્ષી વાતાવરણ પર ધ્યાન કેન્દ્રિત કરતા રહીને મને વધુ એક વર્ષ FCM સાથે કાર્ય કરવાનું ચાલુ રાખતા રોમાંચની લાગણી થાય છે."

*- પ્રાદેશિક પરિષદ સભ્ય (રીજનલ કાઉન્સિલર), વૉર્ડ 1 અને 5, સિટી ઓફ બ્રૅમ્પ્ટન*

“FCMના બોર્ડ પર અમને કાઉન્સિલર સાન્તોસની સેવા પ્રાપ્ત થશે તે માટે અમે નસીબદાર છીએ એવું અમારું માનવું છે જેથી ઘણા મહત્ત્વના મુદ્દાઓ આગળ વધારી શકાશે અને દેશના સમુદાયો માટે આ સારી વાત છે. બ્રૅમ્પટન સિટી કાઉન્સિલ વતી હું કાઉન્સિલર સાન્તોસને ફરી એક વખત હજું એક વર્ષ સુધી FCM બોર્ડમાં સેવા આપવા ચુંટાઇ આવવા બદ્દલ અભિનંદન પાઠવું છું"

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 90,000 કરતા વધુ વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca